"सर्वं विश्वेन संनादति संनादति सहकारस्य समृद्धिः।"

Amul The Taste of India

International Year of Cooperatives 2025

महेसाणा જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

દૂધસાગર પત્રિકા

Dudhsagar The Pride of India

અંક : ૨ । વર્ષ - ૫ । સપ્ટેમ્બર - ૨૦૨૫ (સળંગ અંક : ૫૦) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

સાથે મળીને સુખી થવાનો સિદ્ધ થયો સંકલ્પ

65 મી વાર્ષિક સાધારણ સભા

સમાચાર

65 વર્ષમાં પ્રથમવાર 8054 કરોડ ટર્ન ઓવર	65 વર્ષમાં પ્રથમવાર 127.33 કરોડ કિલો દૂધ સંપાદન	65 વર્ષમાં પ્રથમવાર દૂધના ભાવ 830 રુપિયા ચૂકવાય છે	65 વર્ષમાં પ્રથમવાર વાર્ષિક ભાવ વધારો 437 કરોડ અપાયો	વિતેલા સાડા ચાર વર્ષમાં સંસ્થાની મિલ્કતોમાં 792 કરોડનો વધારો થયો	અકસ્માત વીમાની રકમ 2 લાખથી વધારી 4 લાખ કરાઇ

સાગર કાર્યક્ષેત્રની દૂધ મંડળીઓને 10% ડિવિડન્ડ જાહેર કરાયું

દૂરડાની વિવિધ સહાયો 30% થી વધારી 40% કરાઇ

વિતેલા 10 વર્ષના ભાવ વધારાના આંકડા બોલે છે : આજની દૂધસાગરમાં પશુપાલક પ્રથમ છે



દૂધસાગરની જોડ સખી, નહીં જડે રે લોલ ...!

માતૃત્વથી સરાબોર આ સંસ્થાની ગૌરવપૂર્ણ 65 વર્ષની યાત્રા પૂર્ણ

પોતાની આગોશમાં મહેસાણા, પાટણ અને ગાંધીનગર જીલ્લાના લાખો પશુપાલક પરિવારોના ઉજળા જીવતરને જીવાડવાની જવાબદારી લેનારી માતા સ્વરુપ દૂધસાગર ડેરીના પવિત્ર પ્રટાંગણમાં સોમવાર તારીખ 4 ઓગસ્ટ 2025 ના રોજ 65 મી સર્વોચ્ચ સાધારણ સભા યોજાઈ હતી.

હજારો પશુપાલકોની દિવ્ય હાજરી વચ્ચે સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ ભવ્ય સાધારણ સભામાં પશુપાલકને દૂધસાગર ડેરીનો અંતરઆત્મા માની અનેક હિતલક્ષી જાહેરાતો કરવામાં આવી હતી અને મહેસાણા દૂધ સંઘની આ 65 વર્ષની યાત્રાના ગુણગાન સાથે સંસ્થાએ પ્રાપ્ત કરેલા સફળતાના ગૌરીશિખરોથી પશુપાલકોને વાકેફ કરવામાં આવ્યા હતા.

વર્ષ 2024-25 માટે સંસ્થાના અધ્યક્ષ અને નિયામક મંડળ દ્વારા 437 કરોડ રુપિયાનો ઐતિહાસિક ભાવ વધારો જાહેર કરાયો ત્યારે ઉપસ્થિત પશુપાલકોમાં ઉત્સાહ અને ઉમંગ તાળીઓના ગળગળાટથી પ્રગટ થયો હતો. આજ રીતે, સંસ્થા દ્વારા લેવાતા પશુપાલકના અકસ્માત વીમાની રકમ જે અગાઉ 2 લાખ રુપિયા હતી જેમાં બમણો વધારો કરી રુપિયા 4 લાખ કરવામાં આવી ત્યારે, પશુપાલકોના ભવિષ્યની સુરક્ષાનું આ કદમ લાગણી બની ઉપસ્થિત સૌ માટે ખુશીનું કારણ બન્યું હતું.

દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસીએશન(દૂરડા) દ્વારા પશુપાલકો માટે જરુરી સાધનોમાં જે અગાઉ 30% સહાય મળતી હતી તેને 40% કરવામાં આવી હતી. પોતાના પ્રાસંગિક પ્રવચન દરમિયાન ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ પશુપાલકોને સંબોધતા જણાવ્યું હતું કે; મહેસાણા ડેરી સાથે જોડાયેલા પશુપાલકોને સુખી કરવા એ જ ધર્મને માથે રાખી વિતેલા સાડા ચાર વર્ષમાં તેમના નિયામક મંડળે રાત-દિવસ કામ કર્યું છે. પશુપાલકોને સમયાંતરે દૂધના સારા ભાવ મળતા રહે, વર્ષના અંતે સંતોષકારક ભાવફેર પ્રાપ્ત થતો રહે, દૂધસાગરની બેલેન્સ સીટ તંદુરસ્ત બની રહે, સંસ્થાની મિલ્કતોમાં ઉત્તરોતર વધારો થતો રહે, સંસ્થા સમય પ્રમાણે ટેકનોલોજીથી સુસજ્જ બનતી રહે અને નવા ભવિષ્યના નિર્માણ સાથે સંસ્થા અને પશુપાલકો એકરુપ થઈ આગળ આવે તે બધા પ્રકારના પ્રયાસો કરવામાં આવ્યા છે.

અશોકભાઈ ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે, પશુપાલકોએ મુકેલા વિશ્વાસને અકબંધ રાખવા તેમના નિયામક મંડળે અનેક આચારસંહિતાઓનું પાલન કરી ઈશ્વર સાક્ષીએ કામ કર્યું છે. અને તેમના દ્વારા લેવાયેલા નિર્ણયોની સુવાસ પશુપાલકના આંગણે પહોંચે તેનો સતત ખ્યાલ રાખ્યો છે. તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીને GCMMF(અમૂલ ફેડરેશન)ની જવાબદારી મળી છે તે પણ, મહેસાણા દૂધસાગર ડેરીના લાખો પશુપાલક માતાઓ-બહેનોના આર્શીવાદ સમાન ગણાવી તેઓએ ખૂબ ભાવવાહી સ્વરે સ્વ. માનસિંહભાઈ સાહેબ અને સ્વ. મોતીભાઈ સાહેબને યાદ કરી પોતાની હેતાંજલી પ્રગટ કરી હતી.

સાગરદાણના ભાવોની સ્થિરતા અને ખરીદ ભાવોના વધારાથી પશુપાલકોને 277 કરોડ વધુ મળ્યા

સાડા ચાર વર્ષ પહેલાં દૂધનો ખરીદ ભાવ 650 રુપિયા હતો જે વર્તમાન સમયમાં 830 ચાલી રહ્યો છે. દૂધના ભાવ વધતાં પશુપાલકોને 2477 કરોડ રુપિયા વધુ મળવા પામ્યા છે. સાગરદાણના ભાવ તા. 01/11/2022થી એટલે કે પોણા ત્રણ વર્ષથી મોંઘવારી વધવા છતાં પણ નિયંત્રણમાં રાખવામાં આવતાં પશુપાલકોને 200 કરોડ રુપિયાનો ફાયદો થવા પામ્યો છે.

પશુધન તંદુરસ્તી અને ઓલાદ સુધારણા માટે દૂધસાગર એક્શન મોડમાં કામ કરી રહી છે

પશુ સારવાર વિઝીટમાં રુ. 100 ઓછા કરી વિઝીટ નોંધણીને સિંગલવિન્ડો સિસ્ટમની વ્યવસ્થા આપવામાં આવતાં પશુઓને સમયસર સારવાર મળી રહી છે. એ સાથે સેક્સડ્ સિમેન ડોઝ અંગે જાગૃતિ અભિયાન થવાથી આ વર્ષે 92 હજાર ડોઝનું વિતરણ થવા પામ્યું છે.

પોતાની કામગીરીથી સાધારણ સભાને અવગત કરાવતાં શ્રી અશોક ચૌધરીએ દૂધસાગર ડેરીના 65 વર્ષના ઈતિહાસનું સૌથી વધુ ટર્નઓવર આ વર્ષે થવા પામ્યું છે અને ડેરી રુપિયા 8054 કરોડના લક્ષને પ્રાપ્ત કરી ચૂકી છે એની ખુશી વ્યક્ત કરી હતી. 2024-25ના વર્ષમાં દૂધસાગર ડેરીએ 127.33 કરોડ કિલો દૂધ સંપાદન કરી નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે તેમ જણાવી વર્તમાન સમયે દૂધસાગર ડેરી પોતાના પશુપાલકોને રુપિયા 830 નો ખરીદભાવ આપી રહી છે તે પણ, 65 વર્ષમાં પ્રથમ વાર થઈ રહ્યું હોવાનું જણાવી સાચા અર્થમાં ડેરીનું નવસર્જન થયું હોવાનું જણાવ્યું હતું. એમ્બ્રિયો ટ્રાન્સફરથી 104 પશુઓ ગાભણ થયા તે પૈકી 49 પશુઓનું વિયાણ થયું જેમાં 45 પાડી આવી આ વૈજ્ઞાનિક પદ્ધતિનો વધુમાં વધુ પશુપાલકો ઉપયોગ કરે તેવી અપીલ કરી હતી. દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં સારી ઔલાદના પશુઓ એ સમયની જરુરિયાત હોવાનું જણાવી યુવાનો પણ પશુપાલન ક્ષેત્રે નવા ભવિષ્યનું નિર્માણ કરે તેવી અપીલ કરી હતી. આ સાથે તેઓએ ખેડૂતો પાસેથી ઓર્ગેનિક ખેત પેદાશો ખરીદ કરી અમૂલના માધ્યમથી લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થાથી પશુપાલકોને અવગત કરાવ્યા હતા અને ઓર્ગેનિક ખેતી કરવા અપીલ કરી હતી. દૂધસાગર ડેરી દ્વારા સંચાલિત મોતીભાઈ આર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલ, MIDFT કોલેજ અને નવા પાવડર પ્લાન્ટ થકી આવનાર સમયમાં પશુપાલકોની સાથે મહેસાણા દૂધ સંઘની પ્રગતિને નવી દિશા મળશે તેવા સંકલ્પ સાથે તેઓએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્યના સહકારમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ઉધોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતની સાથે અમૂલ પરિવારનો આભાર માની પોતાને મળેલ સહકાર માટે તેઓનું રુણ સ્વિકાર કર્યું હતું. આ પ્રસંગે સૌથી વધુ દૂધ ભરાવનાર મંડળીઓ અને દૂધ ઉત્પાદકોનું સન્માન કરવામાં આવ્યું હતું. તો, GCMMF ના ચેરમેન બનવા બદલ દૂધ ઉત્પાદક હિત રક્ષક સમિતી અને ડેરીના ડિરેક્ટરોએ અશોકભાઈને વિશાળ હાર પહેરાવી પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

સૈનિક સ્કૂલના બાળકોની શાનદાર પરેડ સાથે

દૂધસાગરની દિવાલો બોલી - ભારત માતાકી જય

આપણે રાષ્ટ્રસેવા અલગથી નથી શોધવા જવાની - આ સંસ્થાની સાચી સેવા કરીશુ તો એ રાષ્ટ્રસેવા જ ગણાશે : અશોકભાઈ ચૌધરી

તા. 15 ઓગસ્ટ 2025 એટલે 79મો સ્વાતંત્રતા દિવસ ! સમગ્ર દેશની સાથે મહેસાણા દૂધસાગર ડેરીની સવારની હવાઓમાં પણ આજે આઝાદીનો ઉમંગ છલકાતો જોવા મળી રહ્યો હતો. મોતીભાઈ રણછોડભાઈ સાગર સૈનિક સ્કૂલના બાળકોએ તો દિવસોના દિવસો અગાઉથી આજના દિવસને વિશેષ બનાવી લેવાનો સંકલ્પ કરી લીધો હતો અને સહેજ પણ ચૂક ના થાય તે માટે ભરપૂર પ્રેક્ટિસ કરી લીધી હતી. સૈનિકોના વસ્ત્રોમાં સૂસજ્જ આ બાળકો અને બાલિકાઓની હાજરીએ જાણે સમયને રોકી લીધો હતો. બીજી તરફ, MIDFTના વિદ્યાર્થીઓ બગલાની પાંખ જેવા શ્વેત વસ્ત્રોમાં જાણે દૂધના આ સાગરનું પ્રતિનિધિત્વ કરી ઉજળા ભવિષ્ય તરફ ભારતને લઈ જવાનું છે એ આશ્વાસનમાં પોતાનો પ્રાણ પૂરાવી રહ્યા હતા. મહેસાણા દૂધસાગર ડેરીના કર્મચારીઓ આ સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીને તાજેતરમાં જ અમૂલ ફેડરેશનના વડા તરીકે પસંદ કરવામાં આવ્યા હોઈ આજે જાણે સોનામાં સુગંધ ભળી હોય તેવા બમણા ઉત્સાહ સાથે ચહલ પહલ કરી રહ્યા હતા. રાષ્ટ્રપ્રેમના ગીતો સમગ્ર ડેરી કેમ્પસમાં ગૂંજી રહ્યા હતા ત્યારે ઉપસ્થિત તમામ લોકોના રોમેરોમમાં આ રાષ્ટ્રને વિશ્વમાં સૌથી સુખી બનાવી લેવાનો અભરખો જાગતો હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું હતું. નિયત સમય અનુસાર, સંસ્થાના ચેરમેનશ્રી, MDશ્રી, ડિરેક્ટરશ્રીઓ, શૈક્ષણિક સંસ્થાઓના વડાઓ સાથે ડેરીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત થયા ત્યારે સાગર સૈનિક સ્કૂલના બાળકોએ શિસ્તબધ્ધ રીતે એક સૈનિકને શોભે તેમ ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. ચેરમેનશ્રીના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી તેને ગૌરવપૂર્ણ સલામી આપ્યા બાદ, સૈનિક સ્કૂલના બાળકોએ રાષ્ટ્રપ્રેમની વિવિધ ધૂનો સાથે અલગ અલગ કરતબો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ પ્રસંગે, પોતાના વિચારોને વ્યક્ત કરતાં આ મહાન સંસ્થાના વર્તમાન ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ આઝાદીના સંઘર્ષના દિવસો અને તે સમયના આગેવાનો, લડવૈયાઓ અને શહીદોને પોતાના શ્રધ્ધાસુમન અર્પણ કરી આજના ભારતની વાત કરતાં જણાવ્યું કે; દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ આજે દેશ નિત નવી ઉંચાઈઓને પ્રાપ્ત કરી રહ્યો છે ત્યારે આપણે પણ દૂધસાગરને સમર્પિત થવાનું છે તથા આપણા દૂધ ઉત્પાદકની સેવામાં જ રાષ્ટ્ર સેવા સમાયેલી છે તે મંત્રને ચરિતાર્થ કરવાનો છે. આપણી ડેરી સાથે જોડાયેલ એક-એક કર્મચારી પોતાના નોકરીના સમયને સાચા અર્થમાં સાગરને સમર્પિત કરશે તો આ સંસ્થા પોતાની પ્રગતિ થકી રાષ્ટ્રની ગતિ વધારવામાં ઉત્તમ ભૂમિકા નિભાવશે.

મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે સહકારથી સમૃધ્ધિ કાર્યક્રમ યોજાયો

કેન્દ્રની મોદી સરકારમાં નવિન સહકાર મંત્રાલયની સ્થાપના બાદ, કેન્દ્રીય સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના અથાગ પ્રયત્નોથી આજે ભારતનું સહકારી ક્ષેત્ર રોજબરોજ નવા રંગરુપમાં વધુમાં વધુ લોકભોગ્ય બની રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ 2025ની ઉજવણીના ભાગરુપે તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં સહકારથી સમૃધ્ધિ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સહકારીતામાં સહકાર, PACS કોમ્પ્યુટર રાઈઝેશન, માઈક્રો ATM દ્વારા આ ક્ષેત્રને વધુ સશક્ત કરવા વિચારોનું આદાન-પ્રદાન થયું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલ, પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા, સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ, ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઇ સંગાણી, GSC બેંકના ચેરમેનશ્રી અજયભાઇ પટેલ અને દૂધસાગર તથા અમૂલના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી સહિત રાજ્યના સહકારી આગેવાનો અને અધિકારીઓ અને તમામ સહકારી બેંકો તથા દૂધ સંઘોના ચેરમેન સહિત નિયામક મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુજરાતના મજબૂત સહકારી માળખાને સમગ્ર દેશ સમજતો થાય અને એ થકી સમગ્ર દેશનું સહકારી ક્ષેત્ર વધુ મજબૂત બને તથા આજના સહકારી માળખામાં વૈજ્ઞાનિક સંશોધનોનો પ્રવેશ થાય અને વિજ્ઞાન તથા ટેકનોલોજીનો લાભ સહકારીતાને પ્રાપ્ત થાય જેનાથી આ ક્ષેત્રમાં વધુમાં વધુ પારદર્શિતા અને સરળતા આવે તે રીતે આ ક્ષેત્રનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સહકારી બેંકોમાં તમામ સભાસદોના ખાતા ખૂલે, સીધા પૈસા ગ્રાહકના ખાતામાં જાય અને ATM સુવિધા મળે તે નિશ્ચિત કરવામાં આવ્યું હતું. નજીકના ભવિષ્યમાં દેશના ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ પણ આ નૂતન ફેરફારોનો આંખે દેખ્યો અનુભવ અને આવી રહેલા બદલાવને જાણવા ભૂમિગત મુલાકાત લેવાના હોવાનું પણ રાજ્યના સહકારીતા મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું. આ પ્રસંગે સહકારીતાના બદલાવના વિવિધ ડેમો રજૂ કરાયા હતા. જુદા-જુદા સહકારી ક્ષેત્રો પરસ્પર સહકારનો હાથ મિલાવી એકબીજાના પૂરક બને તે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો. નજીકના ભવિષ્યમાં જીલ્લા, તાલુકા અને ગ્રામ કક્ષાએ આવા કાર્યક્રમ કરવામાં આવશે.

રાજ્યના સહકાર મંત્રી જગદીશભાઈના પ્રેરક સાનિધ્યમાં દૂધસાગર ડેરી ખાતે બેઠક યોજાઈ

ગત. 18 ઓગસ્ટ ના રોજ મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મુખ્યાલય ખાતે સહકારથી સમૃધ્ધિ લાવવાના કેન્દ્ર સરકારના પ્રયાસોને વેગ આપવાના ભાગરુપે ગુજરાત રાજ્યના સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીના પ્રેરક સાનિધ્યમાં એક ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેસાણા અને પાટણ જીલ્લાના APMCના ચેરમેનશ્રીઓ સાથે આયોજીત થયેલી આ બેઠકમાં GSC બેંકના ચેરમેનશ્રી અજયભાઇ પટેલ, ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેનશ્રી વિનોદભાઇ પટેલ, દૂધસાગરના ચેરમેનશ્રી અશોક ચૌધરી, ભાજપ જીલ્લા પ્રમુખશ્રી ગીરીશભાઇ રાજગોર તથા ધારાસભ્ય મુકેશભાઇ પટેલ અને સરદારભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

અમૂલની વાહન સુવિધાને અશોક ચૌધરીની વિનમ્રતા પૂર્વક

ના

પોતાના જાહેર જીવનના પ્રવેશ સમયથી જ પરિવારના વડીલોના સાનિધ્યમાં શિક્ષીત અને દિક્ષીત થયેલા શ્રી અશોકભાઇ બી. ચૌધરીએ પોતાના જાહેર જીવનના શરુઆતના દિવસોથી જ સત્તા સ્થાને મળતી સુવિધાઓનો ઉપયોગ ના કરવાની અને અન્ય મળવાપાત્ર ભાડાભથ્થાં ના લેવાની પરંપરા પ્રથમ દિવસથી જ અકબંધ રાખી છે. મહેસાણા નગરપાલિકાના પ્રમુખ તરીકે મળતી વાહન સુવિધાને નકાર્યા બાદ દૂધસાગર ડેરીના ચેરમેન તરીકે અને હવે, GCMMF તરફથી મળતી વૈભવી વાહન સુવિધાને નમ્રતાપૂર્વક "ના" પાડી પોતાની પરંપરા અકબંધ રાખી છે ત્યારે અશોકભાઈના સમર્થકો ગૌરવ અનુભવી રહ્યા છે.

દૂધસાગરના ડૉક્ટરની ડાયરી

ખરવા - મોવાસા (FMD) રોગથી તમારા મહામૂલા પશુધનને બચાવો

સંક્રમિત પશુઓના સંપર્કથી... તેમની લાળ, ખોરાક અને પાણી દ્વારા તથા દૂષિત સાધનો, વાહનો અને વ્યક્તિઓ દ્વારા હવામાં ફેલાતો FMD (ખરવા - મોવાસા) રોગ એ ગાય, ભેંસ અને અન્ય ખરીવાળા પશુઓમાં ફેલાતો ગંભીર ચેપી રોગ છે. વાયરસથી ફેલાતો આ રોગ ઘણીવાર પશુઓમાં મોટી મહામારી લઈને આવતો હોય છે. આ રોગથી પશુઓના મોં તથા ખરીઓમાં ચાંદા, તાવ, લંગડાપણું અને દૂધના ઉત્પાદનમાં તીવ્ર ઘટાડો કરી દેતો હોવાથી આર્થિક નુકસાનની સંભાવના ખૂબ વધી જાય છે.

આ રોગના નિયંત્રણ માટે પશુનું રસીકરણ કરવું ખૂબ મહત્વનું બની જતું હોય છે. FMDની રસી પશુઓની રોગપ્રતિકારક શક્તિ વધારે છે જેથી આ રોગનું જોખમ ઘટાડી શકાય છે.

દૂધસાગર ડેરી સાથે જોડાયેલા તમામ પશુપાલકોને ડેરીનો વેટરનરી વિભાગ આ તબક્કે એક અપિલ કરે છે કે; તમારા પશુઓને ચાર મહિનાની ઉંમરથી જ આ રસી આપવાની શરુઆત કરી દેવી જોઈએ અને પ્રથમ રસી પછી દર છ મહિને કોઈપણ ચૂક વગર નિયમિત રસીકરણ કરાવી લેવું જોઈએ.

ભારત સરકાર દ્વારા NADCP પોગ્રામ હેઠળ દૂધસાગર ડેરી તથા સરકારી પશુ દવાખાનાના માધ્યમથી વેક્સિનેટરો દ્વારા એક અભિયાનના સ્વરુપમાં વર્તમાન સમયે આ રોગથી લડવા રસીકરણ કરવામાં આવી રહ્યું છે.

આવો.. અત્યારે ચાલી રહેલ સપ્ટેમ્બર મહિનામાં ગામના દરેક પશુપાલક મિત્રો દૂધસાગર ડેરી નિયંત્રિત ગામના વેક્સિનેટરો તથા સરકારી પશુ દવાખાના દ્વારા ખરવા-મોવાસા રસીકરણ ઝુંબેશમાં ભાગ લઈને પોતાના પશુઓનું રસીકરણ કરાવી આપણા મહામૂલા પશુધનને સુરક્ષા કવચ પૂરું પાડીએ.

સ્વચ્છતા એ કોઈપણ રોગના નિયંત્રણ માટે સૌથી પહેલો અને રામબાણ ઈલાજ છે. મોટાભાગના રોગો થવાનું કારણ માણસ કે પશુ પાસે રહેલી ગંદકી છે. આ ગંદકીને દૂર કરવી તેનો અર્થ એ થયો કે પોંગરી રહેલા રોગ પર 50% કાબુ કરી લેવો. પશુપાલકોએ ખરવા - મોવાસાના આ રોગ ઉપર નિયંત્રણ લાવવા માટે પોતાના પશુવાડા સ્વચ્છ અને સૂકા રાખવા જોઈએ. પોતાના પશુઓને દૂષિત ખોરાક અને ગંદુ પાણી આપવાનું ટાળવું જોઈએ. બહારથી આવતા લોકો અને સાધનોને સેનેટાઈઝ કરવા જોઈએ.

સંક્રમિત પશુઓને સ્વસ્થ પશુઓથી તાત્કાલિક ધોરણે દૂર કરી દેવા જોઈએ અને પશુઓમાં વધુ પડતી લાળ અથવા પશુને ચાલવામાં તકલીફ જણાતી હોય તો તરત જ નિષ્ણાંત પશુ ચિકિત્સકની સલાહ લેવી જોઈએ.

જાગૃત ગામ પોતાની જાગૃતિથી ઘણી બધી સમસ્યાઓને આવતાની સાથે સમાપ્ત કરી દેતું હોય છે. ખરવા - મોવાસાના રોગને ઉગતો જ ડામી દેવા માટે ગામના બધા પશુપાલકો જાગૃત બનીને પોતાના પશુઓ સાથે આ રસીકરણ ઝુંબેશમાં ભાગ લઈને પોતાની સક્રિયતા સ્થાપિત કરવી જોઈએ અને અન્ય પાડોશી પશુપાલકોને પ્રેરણા આપી એકના કલ્યાણમાં સૌનું ભલુ સૂત્ર સાર્થક કરવું જોઈએ.

રસીકરણમાં અનેક ફાયદા રહેલા છે. પશુઓને આ રસીકરણથી ખરવા - મોવાસા રોગથી રક્ષણ મળે છે. અને, રસીકરણથી યુક્ત થયેલ પશુને કદાચ બહારી સંક્રમણથી આ ખતરનાક રોગ થાય તો અન્ય રસીકરણ વિહિન પશુઓની સરખામણીએ તેનામાં આવા રોગની તીવ્રતા ઘણી ઓછી હોય છે.

ખરવા - મોવાસા રોગ નિયંત્રણના રસીકરણથી પશુઓની સંખ્યામાં થતો ઘટાડો રોકી શકાય છે અને ઘટી જતા દૂધ ઉત્પાદન ઉપર નિયંત્રણ લાવી શકાય છે. આમ, આ એકમાત્ર રસીકરણથી આર્થિક નુકસાનની સાથે પશુઓના મૃત્યુને અટકાવી શકાતું હોવાથી દરેક પશુપાલક પોતાની આજીવિકાને અકબંધ રાખવા આ બાબતે ગંભીર બને તે ખૂબ જરુરી છે.

આગામી સપ્ટેમ્બર મહિનામાં ભારત અને ગુજરાત સરકારના સૌજન્યતાથી મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા તમામે-તમામ ગામડાઓમાં ખરવા - મોવાસા રોગ ઉપર સામુહિક નિયંત્રણ લાવવાના અભિયાન રુપે રસીકરણ ઝુંબેશ હાથ ધરવાની હોઈ આ અંગે સ્થાનિક ગામોની બધી જ દૂધ મંડળીઓ અને તેના પ્રમુખ/મંત્રીશ્રી તથા હોદ્દેદારો અને જાગૃત આગેવાનો અત્યારથી જ આ બાબતે જન-જાગૃતિ ઉભી કરે તથા સમગ્ર મહિના દરમિયાન ચાલનાર આ અભિયાનમાં ગામનું એકપણ પશુ રસીકરણથી વંચિત ન રહી જાય તેનું ધ્યાન રાખેલ તે ખૂબ જરુરી છે. તમામ પશુપાલકો પોતાના પશુઓને દૂધસાગર ડેરી નિયંત્રિત વેક્સિનેટરો તથા સરકારી પશુ દવાખાના દ્વારા રસીકરણ કરાવી શકશે. તો, આવો FMD સામે લડીએ અને રસીકરણ અપનાવી તેને નાબૂદ કરીએ.

મહેસાણા ખાતે દૂધ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ અને FPO નો સંવાદ સેમિનાર યોજાયો

તાજેતરમાં મહેસાણા ખાતે સહકારથી સમૃધ્ધિ અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી કરતી સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ અને FPOનો સેમિનાર અને સંવાદ કાર્યક્રમ રાજ્ય સરકારના સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહ તથા સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ આયોજીત આ કાર્યક્રમમાં ગામડાંની પ્રાથમિક સહકારી મંડળીઓ વધુ મજબૂત બને તે માટેના મનોમંથન કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે GSC બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલ, ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેનશ્રી વિનોદભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખશ્રી ગીરીશભાઈ રાજગોર, અમૂલ અને દૂધસાગરના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી, ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, શ્રી સરદારભાઈ ચૌધરી, શ્રી સુખાજી ઠાકોર, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી સી. જે. ચાવડા, શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા તથા જીલ્લાના સહકારી અને રાજકીય અગ્રણીઓ અને સહકાર વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સહકારી માળખાને મજબૂત કરવા પાટણ ખાતે રાજ્યના સહકાર મંત્રીની નિશ્રામાં સંવાદ કાર્યક્રમ યોજાયો

દેશના પ્રધાનમંત્રી અને ગૃહ તથા સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના સહકારી ક્ષેત્રને મજબૂત કરવાના ભાગરુપે હાલમાં રાજ્યના સહકારીતા મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અવિરત પ્રયાસ કરી રહ્યા છે. પાટણ ખાતે આયોજીત આ સંવાદ સભામાં અમૂલ અને દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરી, ડિ. બેંકના ચેરમેનશ્રી વિનોદભાઈ પટેલ, શ્રી કે. સી. પટેલ, જીલ્લા પ્રમુખશ્રી રમેશભાઈ સિંઘવ, પાટણ APMCના ચેરમેનશ્રી સ્નેહલ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાગર સૈનિક સ્કૂલનું ગૌરવ

આપણા વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચમક્યા

સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) તરફથી આયોજીત વિવિધ એથ્લેટીક્સ સ્પર્ધાઓમાં દૂધસાગર ડેરી દ્વારા સંચાલિત શ્રી મોતીભાઈ ર. ચૌધરી સૈનિક સ્કૂલના બાળકોએ આપણી સંસ્થાનું નામ રોશન કર્યું છે. U-14 કેટેગરીમાં આપણા વિદ્યાર્થી અભિષેકકુમારે 100 m દોડમાં, પ્રિન્સકુમારે 200 m દોડમાં, રાજુ યાદવે 600 m દોડમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. આ ઉપરાંત રિતીક શર્માએ ડિસ્ટન્સ થ્રો, રિશીકા ડુડીલે ગોળા ફેક, પ્રિન્સ કુમારે લાંબી કુદમાં જીલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તો, U-14 કેટેગરીમાં MRCSSS વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવેલ છે. સૌથી ઉત્તમ પ્રદર્શન કરનાર આપણી સાગર સૈનિક સ્કૂલની બાલિકા રોશીત્રાએ ઓલ ઈન્ડિયા સૈનિક સ્કૂલ ગૃપ લેવલ કોમ્પિટેશનમાં 200 m દોડ લગાવી બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવવાની હકદાર બની છે.

ગુજરાતના સહકારી મોડેલના અભ્યાસ અર્થે આવેલા ત્રિપુરાના પ્રતિનિધિત્વ મંડળ સાથે મુલાકાત

ગુજરાતના પ્રખ્યાત સહકારી મોડેલ અમૂલ અને અન્ય સહકારી ક્ષેત્રોની અભૂતપૂર્વ સફળતાને સમજવા તાજેતરમાં ત્રિપુરા રાજ્યના સહકાર મંત્રીશ્રી શુક્લચરણજીના નેત્રૃત્વમાં એક પ્રતિનિધિ મંડળે તાજેતરમાં ગાંધીનગર ખાતે ગુજરાતના સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની આગેવાનીમાં અમૂલના ચેરમેનશ્રી અશોકભાઈ સાથે કરેલ વાર્તાલાપની એક કેમેરા ક્લિક.

અમૂલની જવાબદારી અશોકભાઈ સૂપેરે નિભાવશે
માણસા વિસ્તારના પશુપાલકો અને આગેવાનો દ્વારા

વ્યક્ત થયો વિશ્વાસ

છેલ્લા 12 વર્ષમાં 51 કરોડ 72 લાખ લીટર દૂધ પાવડર બનાવવા માટે ભાડાના પાવડર પ્લાન્ટમાં ગયું છે. જેની પાછળ 205.19 કરોડ ખર્ચ થયો છે ત્યારે, નવિન પાવડર પ્લાન્ટ 275 કરોડમાં તૈયાર થઈ ગયો છે. ભાડાના પાવડર પ્લાન્ટમાં 1 કિલોએ લગભગ 50 રૂપિયા ખર્ચ પડતો હતો. નવા પાવડર પ્લાન્ટમાં આ ખર્ચ 1 કિલોએ 15 રૂપિયા થશે. એટલે કે 35 રૂપિયાની પ્રતિ કિલોએ બચત થશે. આ સાથે - આ નવિન પાવડર પ્લાન્ટના ભોયરામાં 15 હજાર મેટ્રિક ટન માલ સ્ટોક થઈ શકે તેવા ગોડાઉનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેથી ભાડાના ગોડાઉનો નહીં લેવા પડે. સર્વોચ્ચ સાધારણ સભાની એકસૂર મંજૂરી થકી બહુજન સુખાય - બહુજન હિતાય ની ઉદાર વેદ ભાવનાથી તૈયાર થયેલ આ પ્લાન્ટ ના મીઠા ફળ આવનારા 100 વર્ષો સુધી દૂધસાગરના પશુપાલકોને સમૃધ્ધિ બક્ષશે તેનો સૌને વિશ્વાસ આપું છું : અશોક ચૌધરી

સન્માન સમારોહ સમિતિ માણસા દ્વારા આયોજીત GCMMFના ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના સન્માન સમારંભમાં અધ્યક્ષ પદે અનિલભાઈ પટેલ, રાજ્યસભાના સાસંદશ્રી મયંકભાઈ નાયક, પ્રદેશ ભાજપના સહપ્રવક્તાશ્રી જયરાજસિંહ પરમાર, ગાંધીનગર જીલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબેન પટેલ, માણસાના ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ, વિજાપુરના ધારાસભ્યશ્રી સી. જે. ચાવડા, ડિ. બેંકના ચેરમેનશ્રી વિનોદભાઈ પટેલ, વિજાપુરના પૂર્વ ધારાસભ્યશ્રી રમણલાલ પટેલ, માણસાના પૂર્વ ધારાસભ્યશ્રી અમિતભાઈ ચૌધરી, ખેતી બેંક મહેસાણાના ચેરમેનશ્રી રામજીભાઈ ચૌધરી, પોલીસ આવાસ નિગમના પૂર્વ ચેરમેનશ્રી ડી. ડી. પટેલ, શ્રી ગણેશભાઈ ચૌધરી સહિત વિશાળ સંખ્યામાં સહકારી આગેવાનો, દૂધ મંડળીઓના પ્રમુખ/મંત્રીશ્રીઓ અને પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

અમૂલ ઉત્પાદનોની વૃધ્ધિ અને વેચાણ વધારવાના ભાગરૂપે GCMMFના ચેરમેન ચંદીગઢની મુલાકાતે

તાજેતરમાં GCMMFના ચેરમેનની જવાબદારી સંભાળ્યા બાદ શ્રી અશોકભાઈ ચૌધરીએ ચંદીગઢ ખાતેની ઝોનલ ઓફિસની મુલાકાત લઈ વરિષ્ઠ અધિકારીઓ સાથે અમૂલ ઉત્પાદનોના વેચાણમાં વૃધ્ધિ અને વિસ્તરણ કરવા માટે સંવાદ કર્યો હતો.

અમૂલનો વેપાર જાપાન સાથે વધારવાનો પ્રયાસ

અમૂલ ફેડરેશનની આણંદ ઓફિસ ખાતે જાપાનના ડેલીગેશનને મળી ગુજરાતની સહકારી ડેરીઓમાં બનતા દૂધ ઉત્પાદનોના વેચાણ માટે જાપાનમાં બજાર વધારવા અમૂલના ઉચ્ચ અધિકારીઓ સાથે ચેરમેનશ્રી અશોક ચૌધરીનો વાર્તાલાપ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા